ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૩.૬ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૩૦ ટકા

# ઘર સામેના વાડામાં લાગી આગ અને પડોશીઓ ઝઘડવામાં વ્યસ્ત

## વનખાતાની જગ્યામાં કરાયેલ વાડામાં લાગેલી આગને ઓલવવા કોઈ પડોશીએ તસ્દી ના લીધી : એકઠાં થયેલા વાહનચાલકોએ આગ ઓલવી : આસપાસના વૃક્ષોને અસર

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના સેકટર-૩થી સેકટર-૪ તરફ જવાના ક્રોસ રોડ નજીક સે-૪-ડી તરફના ભાગે વહેલી સવારે બે મકાન વચ્ચે બનાવાયેલ વાડામાં આગ લાગી હતી. તે બંને મકાનમાલિકો 'તારી વાડ-મારી વાડ' કરતા ઝઘડવામાં વ્યસ્ત રહ્યા હતા અને બાકીના પડોશીઓ પોતાના દરવાજે ઉભા ઉભા તમાશો જોયા કરતા હતા પરંતુ કોઈએ આ આગ ઓલવવા તસ્દી ના લેતા આગ ખાસ્સી વધી જવા પામી હતી. અંતે આગ જોઈ એકઠા થયેલા અન્ય નાગરિકોએ આગ ઓલવવા પ્રયત્ન કર્યો હતો અને ભારે જહેમતબાદ આગ માંડ કાબુમાં આવી હતી.



સેકટર-૪-ડીમાં સે-૩-૪ના ક્રોસ રોડ નજીક આવેલા માધવન એપાર્ટમેન્ટની નજીક એક મકાનમાલિકો દ્વારા વન વિભાગની જગ્યામાં વાડા બાંધી દેવામાં આવ્યા છે. આ વાડા માટે લાકડાના પાટિયાં વાડ કરવામાં ઉપયોગમાં લેવાયા છે. કોઈ અગમ્ય કારણસર વહેલી સવારે આશરે ૯ વાગ્યાના સુમારે આવી એક વાડમાં આગ લાગતા આસપાસમાં સુકાં પાંદડા અને કેટલાક નકામા સૂકાં લાકડાંનો જથ્થો પણ પડયો હતો જેના કારણે આગ ઝડપથી વધી હતી. જો કે આશ્ચર્યજનક રીતે આગ લાગવા છતાં તે વાડા કરેલ બંને પાડોશીઓ 'મારી વાડમાં તે આગ લગાડીને નુકશાન કર્યું' જેવા આક્ષેપો સાથે ઝઘડવામાં વ્યસ્ત બન્યા હતા. વધુ આશ્ચર્યની વાત તો એ છે કે આ બંને પડોશીના જે પાડોશીઓ છે તે પણ ના તો આગ ઓલવવા પ્રયત્ન કરતા હતા કે ના ઝઘડો રોકવા. આ દરમિયાન મુખ્યમાર્ગ નજીક હોવાથી ત્યાંથી પસાર થતા કેટલાક રાહદારીઓ અને વાહનચાલકો એકઠાં થયા હતા અને તેમણે આગને ઓલવવા કોશિષ કરી હતી. ઘટનાસ્થળે એકત્ર થયેલ અન્ય નાગિરકોની ભારે જહેમત બાદ માંડ આગ કાબુમાં આવી હતી જયારે વાડ કરનાર મકાન માલિકોએ ફાયર બ્રિગેડને બોલાવવાની પણ તસ્દી લીધી નહોતી. આગને કારણે તે વિસ્તારના ઘણા બધા વૃક્ષોને અસર પહોંચી હતી. જેના કારણે પર્યાવરણને સારું એવું નુકસાન થયું હોવાનું જણાયું હતું.

### વન વિભાગની જગ્યામાં 'વાડાબંધી' પર્યાવરણ માટે જોખમી

ગાંધીનગરમાં લગભગ તમામ સેકટરમાં મુખ્ય માર્ગની નજીક રહેતા રહીશોએ વન વિભાગની જગ્યામાં પોતાની માલિકીની જગ્યા હોય તેમ વાડાઓ બાંધી દીધા છે. વળી કેટલાકે તો કાચા-પાકા તળિયા કે ઓટલા બનાવી હિંચકા લગાડી દીધા છે જેના કારણે નવા વૃક્ષો તો ઉગી શકતા નથી પરંતુ જે વૃક્ષો હયાત છે તેમના પર પણ જોખણ ઉભું થયું છે. વન વિભાગે આવી 'વાડાબંધી' પર ખાસ રોક લગાવી લગામ તાણવાની જરૂર જણાય છે.

# વેપાર કરવા રૂ. ૫ લાખ માંગી પરિણીતાને ત્રાસ આપતા સાસરીયાઓ સામે ફરિયાદ

## પતિ, સાસુ-સસરા સહિત સાસરીના સાત સભ્યો સામે શારિરીક-માનસિક ત્રાસની ફરિયાદ

ગાંધીનગર, તા.૧૪

શહેરના સેકટર-૬માં રહેતી પરિણીતાએ સેકટર-૭ પોલિસ સ્ટેશનમાં પોતાના પતિ તથા સાસુ-સસરા સહિત સાસરીના સાત સભ્યો સામે શારિરીક-માનસિક ત્રાસ ગુજારતા હોવાની ફરિયાદ આપી છે. રૂ.૫ લાખ વેપાર કરવા માટે પિયરથી લઈ આવવાનું કહીને પરિણીતા પર અત્યાચાર ગુજારવામાં આવતો હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. સે-૭ પીએસઆઈ ચૌધરીએ ગુનાની ઉંડી તપાસ આરંભી છે.

સેકટર-૬ પ્લોટ નં. ૪૪૭/૧ ખાતે રહેતી પિરણીતા કૈલાશબેન ઉત્પલભાઈ વાઘેલાએ સેકટર-૭ પોલિસ સ્ટેશનમાં સાસરીયાઓ સામે શારિરીક અને માનસિક ત્રાસ મામલે ફરિયાદ આપી છે. પતિ ઉત્પલ નરેન્દ્રભાઈ વાઘેલા, સસરા નરેન્દ્રભાઈ હેમાભાઈ વાઘેલા, સાસુ વાલીબેન નરેન્દ્રભાઈ વાઘેલા તથા ગીરીષભાઈ નરેન્દ્રભાઈ વાઘેલા, ભરતભાઈ નરેન્દ્રભાઈ વાઘેલા, વિજયભાઈ નરેન્દ્રભાઈ વાઘેલા અને કમલ રામેશ્વર શર્મા મળીને સાસરીના સાત સભ્યો સામે નોંધાવેલી ફરિયાદમાં પરિણીતા કૈલાશબેને ઉલ્લેખ કર્યો છે કે આ સાસરીયાઓ મળીને તેણીની પાસે વેપાર કરવા માટે રૂ. ૫ લાખની માંગણી કરતા હતા અને અવારનવાર નાની-નાની બાબતોમાં માનસિક ત્રાસ આપી ગડદાપાટુનો માર મારી શારિરીક ત્રાસ પણ ગુજારતા હતા. સે-૭ પોલિસે કૈલાશબેનની ફરિયાદને આધારે ગુનો દાખલ કરીને ગુનાની વધુ તપાસ શરુ કરી છે.

# મહુન્દ્રા ગામની પ્રાથમિક શાળાના વર્ગખંડમાં આગ લાગતા નાસભાગ

ગાંધીનગર, તા.૧૪

ચિલોડા નજીક આવેલા મહુન્દ્રા ગામની પ્રાથમિક શાળાના વર્ગખંડમાં બપોરના અરસામાં કોઈ કારણોસર આગ ભભુકી ઉઠતા ગ્રામજનો તથા શિક્ષક સ્ટાફમાં નાસભાગ મચી જવા પામી હતી. અચાનક લાગેલી આગમાં રૂમ નં. ૪ લપેટાઈ જતા તેમાં પડેલું ફર્નિચર તથા વાયરીંગ બળીને ખાખ થઈ ગયું હતું. સદભાગ્યે કોઈને ઈજા કે જાનહાની થવા પામી ન હતી.

મહુન્દ્રા ગામની પ્રાથમિક શાળામાં અચાનક આગ લાગતા

**વિદ્યાર્થીઓને બેસવાની બેન્ચીસ, વાયરીંગ તથા ફર્નિચર બળીને ખાખ**

પ્રિન્સિપાલ રાકેશકુમાર યાદવે ફાયરબ્રિગેડ અને પોલિસને ઘટના અંગે જાણ કરી તાત્કાલીક બોલાવી લીધા હતા. કાફલો આવે તે પહેલા શિક્ષકોનો સ્ટાફ તથા ગ્રામજનો સ્થળ પર આવી ગયા હતા અને દેશી પધ્ધતીથી આગને કાબુમાં લેવાના પ્રયાસો શરુ કરી દીધા હતા.

રૂમ નં. ૪માં લાગેલી આગ કાબુમાં સમયસર લઈ લેવાતા આગ વધુ પ્રસરી ન હતી. આ ઘટનામાં સદભાગ્યે કોઈને ઈજા કે જાનહાની થવા પામી નથી. જો કે રૂમમાં પડેલી બેન્ચીસ, ટેબલ-ખુરશી સ્ટીલનું ફર્નિચર તથા વાયરીંગ અને પંખા મળી ૧૫ હજારની કિંમતનો માલસામાન બળીને ખાખ થઈ ગયો હતો.

મહારાણા પ્રતાપની ૪૭૭મી જન્મજયંતિ નિમિત્તે મહારાણા પ્રતાપ પ્રચાર મંચ તેમજ ગુજરાત ક્ષત્રિય સભા અને મરાઠી સંગઠનના સંયુકત ઉપક્રમે ગાંધીનગર ટાઉનહોલ ખાતે એક વિશિષ્ટ કાર્યક્રમ શુક્રવારે રાત્રે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મહારાણા પ્રતાપની વીર ગાથાઓ કવિતા અને લોકસંગીતના માધ્યમથી પ્રસ્તુત કરવામાં આવી હતી. જયારે તારાતર બાડમેરના મહંત સ્વામી પ્રતાપપુરી મહારાજ દ્વારા રસપ્રદ વક્તવ્ય અપાયું હતું. આ નિમિત્તે વિશિષ્ટ સિદ્ધિપ્રાપ્ત મહાનુભાવોનું સન્માન કરવાનો ઉપક્રમ પણ આયોજિત કરવામાં આવ્યો હતો.



# સે-૨૭માં મકાનમાંથી દારૂ બિયરનો જથ્થો પકડાયો

ગાંધીનગર, તા.૧૪

શહેરના સેકટર-૨૭ ગાયત્રી સોસાયટીના એક મકાનમાં દારૂ-બિયરનો વેપલો ચાલતો હોવાની બાતમી સેકટર-૨૧ પોલિસને મળતા પી.આઈ. જતીન પ્રજાપતિ તથા તેમની ટીમે દરોડો પાડી આજે બપોરે મકાનમાંથી દારૂ-બિયરનો જથ્થો પકડી પાડયો હતો. મકાન નં. ૩૭૯ ગાયત્રી સોસાયટીમાં દરોડો પાડી સે-૨૧ પોલિસે ૪૫ નંગ વિદેશી દારૂની બોટલો તથા ૧૬ નંગ બિયરના ટીન મળી કુલ રૂ. ૧૫ હજારના મુદામાલ સાથે ઈમરાન ઉર્ફે અભી ઈનાયતઅલી સમા નામના શખ્સની ધરપકડ કરી લઈ ઝીણવટભરી તપાસ શરુ કરી છે.



## @ગાંધીનગર

● બ્રહ્માકુમારીઝ દ્વારા ઉર્જાનગર-૧ ખાતે સવારે ૬.૩૦ કલાકે સ્ટ્રેસ મેનેજમેન્ટ એન્ડ રિલેકસેશન ટેકનિક વિષયે કાર્યક્રમ યોજાશે.

● આર્ટ ઓફ લીવીંગ દ્વારા સે-૧૧ મેઘમલ્હાર કોમ્પ્લેક્ષના બીજા માળે સવારે ૧૦ કલાકે ૧૪ વર્ષ સુધીના બાળકો માટે યસ પ્રોગ્રામ યોજાશે.

● સે-૬ બાલનગરી મેદાનમાં સેનવા રાવત સમાજનો ૧૬મો સમૂહ લગ્નોત્સવ બપોરે ૨.૩૦ કલાકે યોજાશે.

● આર્ટ ઓફ લીવીંગ દ્વારા કુડાસણ ખાતે સાંજે ૪ કલાકે ૧૮ વર્ષથી ઉપરના નાગરિકો માટે હેપિનેસ પ્રોગ્રામ યોજાશે.

## વાતવાતમાં

● માહિતી નિયામકની કચેરી ખાતે માહિતી વિભાગના કર્મચારીઓની ક્રેડિટ સોસાયટીની ચુંટણી શનિવારે યોજાઈ હતી. આ ચુંટણીમાં વિભાગના સિનિયર સબ એડિટર દિલીપ ગજ્જર કારોબારી સભ્ય તરીકે ચુંટાઈ આવતા કર્મચારી આલમમાં ખુશીની લહેર વ્યાપી હતી.

● ભારતને ડિઝિટલાઈઝેશન થકી કેશલેસ ઈકોનોમી તરીકે વિકસાવી ભ્રષ્ટાચાર તથા કાળા નાણાને નાથવા હાથ ધરાયેલા સરકારના પ્રયત્નોને ગાંધીનગરના બીએસએફ દ્વારા અનુમોદન પ્રાપ્ત થયું છે. બીએસએફની કેન્ટિન ખાતે હવે કોઈ પણ ચીજવસ્તુની ખરીદીમાં કેશ નહીં સ્વીકારાય બલ્કે માત્ર ડેબિટ કાર્ડથી જ પેમેટ સ્વીકારાશે તેવું બોર્ડ લગાડી દેવામાં આવ્યું છે.

● શહેરમાં મધર્સ ડે નિમિત્તે વહેલી સવારથી જ સોશિયલ મિડીયા પર માતાનું મહત્વ જણાવતા સંદેશાઓની વણથંભી વણઝાર લાગી હતી. શહેરના અનેક નેટીઝન્સે પોતાની માતા સાથેના ફોટોઝ પોતાના પ્રોફાઈલ પિકચર તરીકે રાખવા સાથે તેને શેર પણ કર્યા હતા.

## આઈ લવ માય ગાંધીનગર



**અભિનવ વાઘેલા**
**ફોટોગ્રાફર**

**ગાંધીનગર ગમે**
પ્રકૃતિ, સૌંદર્ય અને મિલનસાર લોકોને કારણે આ શહેર ગમે છે.

**નગરજનો**
આખાય રાજ્યની વસતી આ નગરમાં આવીને વસી છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
જી ઈ કલબ, ગ્રો ફાઉન્ડેશન, જુનિયર સિટિઝન કાઉન્સિલ, રેડક્રોસ જેવી સંસ્થાઓની પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**
યુવાવર્ગ સમાજ પ્રતિ સંવેદનશીલ બને એવી કોઈ વ્યવસ્થા, ઉપક્રમના આયોજનની આવશ્યકતા જણાય છે.

**નગર માટે હું કરી શકું**
કલા પ્રવૃત્તિ માટે, સંવર્ધન માટે પ્રયત્નશીલ છું ને આ માટે મારું સઘળું યોગદાન આપવા માટે પણ હું તૈયાર છું.

# લગ્ન માટે માત્ર જન્મકુંડળી નહીં, મેડિકલ રિપોર્ટસ પણ મેળવી લેજો

## બે થેલેસેમિયા માઈનોર પાત્રોના લગ્ન થકી થેલેસેમિયા મેજર બાળક જન્મી શકે છે : થેલેસેમિયા મેજર બાળકની જીંદગી અત્યંક કપરી સારવારમાં ગુજરે છે : આ રોગ પ્રત્યે દરેક સમાજે વહેલાસર જાગૃત થવાની તાતી જરૂર




**લાગ્યું એવું લખ્યું**
સમીર રામી

ગાંધીનગર, તા.૧૪

હજુ ગત સપ્તાહે તા. ૮મી મે એ વિશ્વ થેલેસેમિયા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જો કે હજુ પણ આપણા સમાજમાં આ રોગ પ્રત્યે હોવી જોઈ તેટલી જાગૃતિ નથી. હિન્દી ફિલ્મ ઉદ્યોગના સુપરસ્ટાર અમિતાભ બચ્ચને જયારે સ્વીકાર કર્યો હતો કે તેઓ પોતે થેલેસેમિયા માઈનોર છે ત્યારે આ શબ્દ પ્રત્યે બધાનું ધ્યાન ખેંચાયું હતું. અમિતાભ બચ્ચન સિવાય અભિનેત્રી અમિષા પટેલ સહિત ભારતની અન્ય કેટલીક સેલેબ્રિટી પણ થેલેસેમિયા માઈનોર છે. જો કે થેલેસેમિયા માઈનોર હોવું એ કોઈ સમસ્યા નથી પરંતુ થેલેસેમિયા મેજર હોવું એ એક મોટી સમસ્યા છે. માત્ર આનુષંગિક એટલે કે વંશ પરંપરાગત રીતે જ પગપસારો કરતા આ રોગના દર્દીઓની સંખ્યા કદાચ ઓછી જણાતી હોય પરંતુ આ રોગની ઉપેક્ષા કરવી એ ખૂબ ગંભીર બેદરકારી સાબિત થઈ શકે છે.

થેલેસેમિયા અંગે સરકાર પણ હવે ગંભીર બની છે અને આ રોગ પ્રત્યે જાગૃતિ ફેલાવવા પ્રયત્નો હાથ ધરાયા છે. તાજેતરમાં કેન્દ્ર સરકારે દિવ્યાંગ નાગરિક માટે રજુ કરેલા નવ કાયદામાં 'થેલેસેમિયા મેજર' દર્દીઓને પણ દિવ્યાંગોની કેટેગરીમાં સમાવેશ કરી ઉમદા પગલું ભર્યું છે. જો કે હજુ પણ સરકારે થેલેસેમિયા મેજર દર્દીઓને ખાસ ઓળખાવી આપી તેમને સારવારના ખર્ચ તથા પરિવહન વગેરેમાં સંપૂર્ણ રાહત આપવા જેવા પગલાં લેવાની આવશ્યકતા છે. અત્યારે ગુજરાતમાં થેલેસેમિયા મેજર દર્દીને બ્લડ ચઢાવવા માટે જરુરી રકત પુરવઠાની સામે 'રિપ્લેસમેન્ટ' આપવામાંથી મુકિત અપાઈ છે તે પણ એક અત્યંત આવકારદાયક બાબત છે.

થેલેસેમિયા એ વંશપરંપરાગત રીતે થતો રકતકણોને લગતો રોગ છે. જયારે રકતકણ એક ચોકકસ ગોળ આકારના ના હોય પરંતુ નાના મોટા અથવા ખાંચાખૂંચી વાળા હોય તે થેલેસેમિયા માઈનોર હોવાનું લક્ષણ છે પરંતુ જયારે થેલેસેમિયા મેજર વ્યકિતના રકતકણો તુટેલા હોય છે. અહીં સૌથી વધુ સમજવાની વાત તો એ છે કે થેલેસેમિયા માઈનોર એ કોઈ રોગ નથી, પરંતુ થેલેસેમિયા મેજર એ જીવલેણ રોગ છે. થેલેસેમિયા માઈનોર વ્યકિત એક તંદુરસ્ત જીવન જીવી શકે છે પરંતુ થેલેસેમિયા મેજર વ્યકિતના જીવનમાં જન્મના ત્રણ થી ચાર માસ બાદ તકલીફોની શરૂઆત થઈ જાય છે.




અનેક તંદુરસ્ત જણાતી વ્યકિતઓ થેલેસેમિયા માઈનોર હોઈ શકે છે અને તે થેલેસેમિયા માઈનોર છે કે નહીં તે માત્ર અને માત્ર લોહીના પરિક્ષણથી જ જાણી શકાય છે. થેલેસેમિયા મેજર બાળકોને નાની ઉંમરથી જ ખૂબ શ્વાસ ચઢવો, ઝડપથી થાક લાગવો, પેટ ફુલી જવું, બાળકની વૃધ્ધિ-વિકાસ ઓછો થવો, શરીર ફિક્કુંપડી જવું, શરીર પર ટપકાં થવા જેવા લક્ષણો જોવા મળે છે. આ બાળકોની ખોપરીનું હાડકું પણ પહોળુ જોવા મળે છે. થેલેસેમિયા મેજર હોવાને કારણે તેના લોહીમાં હિમોગ્લોબીન ઘટી જાય છે જેના કારણે નવું લોહી બનવાની પ્રક્રિયા પર અસર પડે છે. તેના હાડકાની મજ્જાઓમાં તકલીફ થાય છે અને હાડકું જલ્દી તુટી જવાનો ભય રહે છે. ચામડીની અંદર દાગ જોવા મળે છે તથા લીવરમાંથી રકતસ્ત્રાવ થાય છે જેના કારણે લીવર નબળું પડવા લાગે છે. થેલેસેમિયા મેજરની સારવાર અત્યંત કઠિન છે જેમાં બાળકને હિમોગ્લોબીનનું પ્રમાણ જાળવવા વારંવાર લોહી ચઢાવવું પડે છે.

વળી, બાળકની જેમ જેમ ઉંમર વધે તેમ તેમ લોહીનો જથ્થો વધારવો પડે છે. આ સાથે બાળકના શરીરમાં સતત લોહી ચઢાવવાથી પ્લાઝમા વધુ જમા થાય છે જે લોહીના પરિભ્રમણમાં અવરોધ ઉભો કરે છે. તેથી આ પ્લાઝમાને બહાર કાઢવા કયારેક સતત ૮ કલાક સુધી શરીરમાં ઈન્જેકશન ભરાવી રાખવું પડે છે. આ ઉપરાંત દર્દીના શરીરમાંથી બરોળ વધતા તેને દૂર કરવી પડે છે પરંતુ બરોળ દૂર કરવાને કારણે શ્વેતકણોનું ઉત્પાદન ઓછું થતા દર્દીની રોગપ્રતિકારક શકિત સાવ ઓછી થઈ જાય છે જેના કારણે અન્ય રોગોની રસી આપવી પડે છે તેમજ સતત એન્ટિબાયોટિક દવાઓ લેવી પડે છે. આ સિવાય થેલેસેમિયા મેજરનો ઈલાજ ન્યુકેટ ટ્રાન્સફેબિશન અથવા બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ તો નજીકના લોહીની સગાઈ ધરાવતા સંબધી દ્વારા બોનમેરો અપાય તો જ શકય બને પરંતુ તેમાં પણ અનેક બાબતોને આધારિત રહેવું પડે છે. આ સિવાય જીન થેરાપીની શોધ થઈ છે પરંતુ તે હજુ ભારતમાં ઉપલબ્ધ નથી.

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન અનુસાર ભારતમાં દર વર્ષે ૮ થી ૧૦ હજાર થેલેસેમિયા પિડીત બાળકો જન્મ લે છે જેના કારણે આજે ૧૦ લાખ બાળકો આ રોગથી પિડીત હોવાનો અંદાજ છે. જો કે તેમાં થેલેસેમિયા મેજરની સંખ્યા ભારતમાં ૧ લાખથી વધુ અને ગુજરાતમાં આશરે ૧૦ હજાર જેટલી છે. સગોત્ર લગ્ન થતા હોય તેવી જ્ઞાતિમાં આ રોગનું પ્રમાણ વધુ છે અને બે થેલેસેમિયા માઈનોર વ્યકિતના લગ્ન થકી તેમનું બાળક થેલેસેમિયા મેજર હોવાની શકયતા ૨૫ ટકા હોવાનું મનાય છે. એટલે આ રોગને અટકાવવાનો એક માત્ર ઉપાય એ છે કે લગ્ન પહેલા બંને પાત્રોના મેડીકલ ટેસ્ટ કરી ચેક કરવું. જો બંને પાત્રો થેલેસેમિયા માઈનોર હોય તો કોઈ પણ સંજોગોમાં તેમણે લગ્ન કરવાનું ટાળવું જોઈએ નહીતર તેમનું આવનાર બાળક થેલેસેમિયા મેજર જન્મી શકે છે અને પછી આખી જીંદગી એક કપરી પરિસ્થિતિમાં તેણે જીવવી પડે છે. થેલેસેમિયા મેજર બાળકની જીંદગી વધુમાં વધુ ૩૫ વર્ષની આસપાસ જ જોવા મળી છે તે પણ ગણ્યા ગાંઠયા દર્દીની અને જેટલી જીંદગી તે જીવે છે ત્યાં સુધી સતત સારવાર હેઠળ જીવવું પડે છે. આથી આ બાબતે યુવા વર્ગ સહિત સમગ્ર સમાજમાં જાગૃતિ લાવી જયારે બે વિજાતીય પાત્રો લગ્ન માટે કુંડળી મેળવે ત્યારે સાથે મેડિકલ રિપોર્ટસ પણ મેળવી લેવા જરૂરી છે. નહીંતર જો બે થેલેસેમિયા માઈનોરના લગ્ન થઈ જાય તો તેની સજા આવનાર બાળક માટે અત્યંત કપરી સાબિત થઈ શકે છે.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

# કોપીરાઈટ મ્યુઝિક ગેરકાયદે ડાઉનલોડ કરતો શખ્સ પકડાયો

ગાંધીનગર, તા.૧૪

ચિલોડામાં એક દુકાન પાસે દહેગામનો શખ્સ અક્રમઅલી અકબરઅલી અન્સારી ગેરકાયદેસર રીતે લેપટોપથી મેમરી કાર્ડમાં કોપીરાઈટ મ્યુઝિક કંપનીના સોંગ ડાઉનલોડ કરતો હતો. ગુજરાત મ્યુઝિક એસોસીએશનના ફીલ્ડ ઓફિસર કલ્પેશભાઈ ગાભાભાઈ રાવળે ચિલોડા પોલિસને સાથે રાખીને દરોડો પાડી અક્રમઅલી અન્સારીને પકડી પાડયો હતો. કલ્પેશ રાવળની ફરિયાદને આધારે ચિલોડા પોલીસે કોપીરાઈટ એકટ હેઠળ ગુનો દાખલ કરી ગેરકાયદે ડાઉનલોડ કરનાર શખ્સ અકબરઅલીની ધરપકડ કરી વધુ તપાસ શરુ કરી છે. નોંધનીય બાબત છે કે આ શખ્સ પોતાના લેપટોપમાંથી એકતા સાઉન્ડના તથા અન્ય ગીતો ગેરકાયદે ડાઉનલોડ કરતો હતો.

## ચિરવિદાય

● સ્વ. ચમાર શંકરભાઈ ચૂનીલાલ, ઉ.વ. ૭૬
● સ્વ. રબારી જેબરબેન વરવાભાઈ, ઉ.વ. ૮૦